**કમિશનરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત**

**એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષીસ (ACPC), ગુજરાત**

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.


# શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ડિપ્લોમા ઈજનેરી અને ડિપ્લોમા ફાર્મસી પછીના ઈજનેરી અને ફાર્મસી અભ્યાસક્રમોના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) મા DDCET-2024 પ્રવેશ માટે પરીક્ષા

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ડિપ્લોમા ઈજનેરી પછી ડિગ્રી ઈજનેરીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે તેમજ ડિપ્લોમા ફાર્મસી પછી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ઉપલબ્ધ સરકારી, અનુદાનીત અને સ્વનિર્ભર સંસ્થાની તમામ બેઠકો ઉપર પ્રવેશ માટે ગુજરાત સરકાર દ્વારા ઓફલાઈન પ્રવેશ પરીક્ષા (DDCET-2024) લેવાનું ઠરાવેલ છે. DDCET-2024 પરીક્ષાના સરળ સંચાલન માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી નોડલ એજન્સી હશે. **DDCET-2024 ની પરીક્ષા તા. 07/04/2024 ના રોજ યોજાશે.**

**DDCET-2024 પરીક્ષા માટેની લાયકાત:**

- જે તે પ્રવેશ વર્ષમાં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ/યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા પાસ કરનાર વિદ્યાર્થીઓ તેમજ સરકારી સંસ્થા ખાતે ૦૫ ટકા બેઠકો માટે સમગ્ર દેશમાંથી માન્ય બોર્ડ / યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા પાસ કરનાર વિદ્યાર્થીઓ **(ઉક્ત બાબતે છેલ્લા સેમેસ્ટરમાં ઉપસ્થિત ઉમેદવારો લાયક રહેશે.)**
- અગાઉના વર્ષમાં ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ / યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા પાસ કર્યું હોય અને ડિગ્રીમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારો.
- AICTE ની જોગવાઈ અન્વયે ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય બોર્ડ / યુનિવર્સિટીમાંથી Bachelor of Science અને Diploma Vocational ડિગ્રી ધરાવતા વિદ્યાર્થીઓ.
- પ્રવર્તમાન નિયમો અન્વયે બહારના રાજ્યમાંથી બોર્ડ / યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા પાસ કરેલ વિદ્યાર્થીઓ.
- જે ઉમેદવારોએ ડિપ્લોમા પૂર્ણ કરવા માટે ખૂટતા વિષયોની પરીક્ષા (સેમેસ્ટર-૧ થી ૬) તેમજ ડિપ્લોમા ફાર્મસીના પ્રથમ અથવા દ્વિતીય વર્ષના બાકી રહેતા વિષયોની પરીક્ષા આપેલ હોય અને પરિણામ જાહેર થવના બાકી હોય તેવા ઉમેદવારો પણ DDCET-2024 પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવી શકશે. પરતુ ઉમેદવારોના પરિણામ તેઓની યુનિવર્સિટી દ્વારા મેરીટ પ્રસિદ્ધ કર્યા પહેલ જાહેર કરવામાં આવશે તથા જરૂરી યોગ્યતા ધરાવતા હશે તેવા ઉમેદવારોનો જ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે.

**અરજદારોએ નોંધ લેવી જોઈએ કે લઘુત્તમ પાત્રતા માપદંડની પરિપૂર્ણતા માત્ર સમિતિ દ્વારા પ્રવેશ માટેની વિચારણોને સુનિશ્ચિત કરશે નહીં.**

વધુ વિગતો માટે સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ ગુજરાત સરકાર દ્વારા સમયાંતરે પ્રસિદ્ધ કરવામાં આવતા પ્રવેશ નિયમોનો સંદર્ભ લેવો અનિવાર્ય છે.

**રજીસ્ટ્રેશનની પ્રક્રિયા:**

- ઉમેદવારોએ સંબંધિત ડોક્યુમેન્ટ અપલોડ કરીને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે અને રજીસ્ટ્રેશન ફી **રૂા. ૨૫૦/- (નોન રીફંડેબલ)** ઓનલાઈન મોડ દ્વારા ચૂકવવાની રહેશે.
- ઉમેદવારે કોઈપણ ડોક્યુમેન્ટ રૂબરૂ આપવાની અથવા તેની રૂબરૂ ચકાસણી કરાવવા જવાની જરૂર નથી. પ્રવેશ પરીક્ષા (DDCET-2024) ના રજીસ્ટ્રેશન માટેની પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન છે.
- જે ઉમેદવાર પ્રવેશ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રવેશ લેવા માગતા હોય તેઓએ પ્રવેશ પરીક્ષા (DDCET-2024) માટે રજીસ્ટ્રેશન કરાવેલ હોવું તેમજ પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરૂરી છે. ઉમેદવારો ખાસ ધ્યાન આપે કે આ સિવાય રજીસ્ટ્રેશન માટેનો બીજો કોઈ માર્ગ ઉપલબ્ધ નથી.
- **રજીસ્ટ્રેશનની વેબસાઈટ: www.gujacpc.admissions.nic.in**

**અગત્યની તારીખો:**

- Registrations Opens: 06.02.2024 at 1.00 PM
- Registration Closes: 11.03.2024 at 12.00 Midnight
- Awareness Schedule: 07.02.2024 to 26.02.2024
- Admit Card download: 01.04.2024 to 05.04.2024
- Examination Date: 07.04.2024
- Result Declaration: Third Week of April-2024 (Tentative)

**પરીક્ષા કેન્દ્રો:**

- DDCET-2024 તમામ જીલ્લાઓમાં ફેલાયેલા પરીક્ષા કેન્દ્રોમાં હાથ ધરવામાં આવશે. ઉમેદવારોને તેમની પસંદગીના ક્રમમાં કોઈપણ ત્રણ પરીક્ષા શહેરો પસંદ કરવાનો વિકલ્પ આપવામાં આવશે.
- ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે લોગ-ઈન પોર્ટલ દ્વારા વિવિધ માહિતીઓ, ડોક્યુમેન્ટ ચકાસણી પ્રક્રિયા અને અન્ય માર્ગદર્શિકા સંબંધિત જાણકારી માટે પ્રવેશ સમિતિની વેબસાઈટની રોજ મુલાકાત લેશો.

**વિશેષ નોંધ: AICTE ના પ્રવર્તમાન નિયમો અન્વયે કોઈપણ વિદ્યાશાખામાં ડિપ્લોમા ઈજનેરી ધરાવતા ઉમેદવારો ડિગ્રી ઈજનેરીની કોઈપણ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ માટે મેરીટ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર DDCET-2024ના ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.**

**ONLINE FACILITIES BY ACPC FOR ADMISSION PROCESS**

| Type of facility | Activities available |
|---|---|
| **Website : www.gujacpc.admissions.nic.in www.acpc.gujarat.gov.in** | Online Registration, Payment of Registration fees |
| | Center Choice |
| | Result of DDCET-2024 |
| | Examination, Downloading of Hall ticket and Downloading of Score Card of DDCET-2024 Examination |
| | Payment of registration Fees for DDCET-2024 Examination |
| | Notifications, Eligibility and merit preparation Rules, Advertise-ments and all types of announ-cements and updates related to entire admission process, e-Booklet etc. |

**Date: 04/02/2024** **– Member Secretary**

**HELP LINE NO. (24X7) : 079-2656600**